## —:: જાહેર નોટીસ ::—

**ગણેશ મંડપમાં ૫૦૦ ચો.મી. થી ઓછા ક્ષેત્રફળ હોય અને ૫૦ થી ઓછી વ્યકિતની હાજરી ધરાવતું મંડપ હોય તેવા મંડપનાં આયોજકોએ ફાયર એન.ઓ.સી. લેવાની રહેશે નહી પરંતુ આયોજક ધ્વારા જાહેર સલામતીને ધ્યાને લેતા નીચે મુજબની સુચનાઓનું અચુક પાલન કરવાનાં રહેશે.**

| | |
|---|---|
| ૧ | મંડપ આયોજક ધ્વારા કોઈપણ મંડપ, પંડાલ કે ટ્રમ્પરરી સ્ટ્રકચરનું સ્ટેજ બનાવે ત્યારે સ્કુલ, હોસ્પિટલ, જવલનશીલ પદાર્થનાં ગોડાઉન ઈત્યાદી થી ઓછામાં ઓછું ૧૫ ફુટ દુર નિમાર્ણ કરવાનુ રહેશે. આ માટે મંડપમાં ફાયરનાં વાહનો આવી શકે તે મુજબ રોડ, રસ્તા ખુલ્લા રાખવાનાં રહેશે. તથા અવરોઘક વસ્તુઓ દુર કરવાની રહેશે. |
| ૨ | મંડપ આયોજક ધ્વારા કોઈપણ મંડપ કોઈપણ પ્રકારની ભઠઠી, ઈલેકટ્રીક સબ સ્ટેશન, ઈલે. ટ્રાન્સફરમર, ઈલે. સબ સ્ટેશન,ઈલે. હાઈટેન્શનલાઈન કે રેલ્વે લાઈન, થી ઓછામાં ઓછા ૧૫ મીટર દુર કરવાનાં રહેશે. |
| ૩ | આવા મંડપ આયોજક ધ્વારા સ્ટ્રકચરની અંદર કોઈપણ પ્રકારનાં સ્ટોલ બનાવવાનાં રહેશે નહી તથા આ સ્ટ્રકચરનાં સ્ટેજ નજીક કે સ્ટેજનાં નીચે આગ લાગી શકે તેવા કોઈપણ પ્રકારનાં ઘન કે પ્રવાહી પદાર્થનો સંગ્રહ કરવાનો રહેશે નહી. |
| ૪ | મંડપ આયોજક ધ્વારા સ્ટ્રકચરની અંદર તથા બહાર NO SMOKING ZONE, EXIT, EMERGENCY EXIT અને ESCAPE WAY ડીસ્પલે ઉપર સરળતાથી વાંચી શકાય તે મુજબ અચુક ઉપલબ્ધ કરાવવાનાં રહેશે. |
| ૫ | આવા મંડપ આયોજક ધ્વારા કોઈપણ મંડપ, પંડાલ કે ટ્રમ્પરરી સ્ટ્રકચરનાં પડદા અને કાર્પેટને ફાયર રીટાઈન્ડન્ટ પેઈન્ટ કરાવવા વઘુમાં જમીન ઉપર બીછાવવા જોગ કાર્પેટ પણ આગ અકસ્માત થી સુરક્ષીત રહે તે મુજબ રાખવાનાં રહેશે. |
| ૬ | મંડપનાં સંચાલકોએ આપેલ સુચનાઓનુ અચુક પાલન કરી, ફાયરખાતા ધ્વારા વખતો વખત થી આપવામાં આવતી સુચનાઓનું અચુક પાલન કરવાનું રહેશે. |
| ૭ | મંડપનાં સંચાલકો ધ્વારા મંડપમાં કરવામાં આવતા ઈલેકટ્રીક વાયરીંગ પ્રવર્તમાન વીજળી અઘિનિયમ મુજબનાં કરાવવાનાં રહેશે તથા મંડપમાં કરવામાં આવેલ વાયરીંગ અંગે નિષ્ણાંતો પાસે અચુક ચકાસણી કરાવી લેવાનુ રહેશે. |
| ૮ | મંડપનાં સંચાલકો ધ્વારા ડીઝલ જનરેટર મંડપ થી ઓછામાં ઓછા ૦૫ મીટર થી દુરનાં અંતરે રાખવાનાં રહેશે. |
| ૯ | મંડપનાં સંચાલકો ધ્વારા ઈલેકટ્રીકનું મુખ્ય સ્વીચબોર્ડ એ.સી. અથવા જી.આઈ.માં બનાવેલ હોવુ જોઈએ તથા આવા હંગામી મંડપથી ઓછામાં ઓછા ૦૨ મીટર થી દુરનાં અંતરે ઈલે. જંકશન બોર્ડ, પાઈલોટીંગ લાઈટ સાથે ઉપલબ્ઘ કરાવવાનાં રહેશે. |
| ૧૦ | મંડપનાં સંચાલકો ધ્વારા કોઈપણ પ્રકારનાં ઈલેકટ્રીક લાઈટીંગ, બલ્બ કે ટયુબ લાઈટ કે તેનાં કોઈ પાર્ટસ મંડપનાં કોઈ ભાગ કે સુશોભન અથવા સળગી ઉઠે તેવી જવલનશીલ સામગ્રી થી ઓછામાં ઓછા ૧૫ સે.મી.ની અંદર રાખવાનાં રહેશે નહી. |
| ૧૧ | મંડપનાં સંચાલકો ધ્વારા આવા મંડપ કે મંડપની બહારનાં ૫મીટરનાં અંતરમાં સળગી ઉઠે તેવી જવલનશીલ સામગ્રી કે પદાર્થ, પ્રવાહી રાખવાનાં રહેશે નહી. |
| ૧૨ | મંડપનાં સંચાલકો ધ્વારા આવા મંડપમાં કે મંડપની બહાર ફાયર ક્રેકર્સ કે રસોઈ બનાવવાની સામગ્રી , ઘુમ્રપાનનાં સાઘનો કે આગ લાગી શકે તેવા કોઈ પદાર્થ કે જયોત ઈત્યાદી રાખવાની રહેશે નહી. |
| ૧૩ | મંડપનાં સંચાલકો ધ્વારા ઘાર્મિક હેતુ માટે કરવામાં આવતા હવન,નાના હવનકુંડનો ઉપયોગ કરવાની રહેશે. જે માટે પુરતી ફાયર સેફટીની સુવિઘા ઉપલબ્ઘ કરાવવાની તથા આવી જગ્યાની છત ઉપર સી.આઈ./જી.આઈ શીટ ૦૬ સે.મી. કરતા ઓછી ન હોય તે મુજબની રાખવાની રહેશે. |
| ૧૪ | મંડપનાં સંચાલકો ધ્વારા મંડપમાં ગણેશ મૂર્તિ પાસે રાખવામાં આવતા દિવા નીચે રેતી અચુક રાખવાનાં રહેશે અને મંડપનાં સંચાલન અર્થે ઓછામાં ઓછા એક સ્વંયસેવક રાઉન્ડ ઘ કલોક ઉપલબ્ઘ રાખવાનાં રહેશે. |
| ૧૫ | મંડપનાં સંચાલકો ધ્વારા મંડપમાં આગ અકસ્માતની સલામતી અર્થે ગણેશ ઉત્સવનાં તમામ સમયગાળા દરમ્યાન ફાયર એક્ષ્ટીંગ્યુશરનાં ઉપયોગ કરનાર જાણકાર પ્રશિક્ષિત વ્યકિતઓને અચુક રાઉન્ડ ઘ કલોક રાખવાનાં રહેશે. |
| ૧૬ | મંડપનાં સંચાલકો ધ્વારા મંડપમાં આવતી જનમેદનીને સુચના આપવા અચુક પબ્લીક એડ્રેસ સીસ્ટમ રાખવાની રહેશે. |
| ૧૭ | મંડપનાં સંચાલકો ધ્વારા પ્રત્યેક ૧૦૦ ચો.મી.વિસ્તારને ઘ્યાને લેતા તેઓનાં મંડપમાં ગણેશ ઉત્સવનાં તમામ સમયગાળા દરમ્યાન ૦૨ એ.બી.સી ફાયર એક્ષ્ટીંગ્યુશરના ૦૬ કે.જી.ની ક્ષમતાનાં તથા ૦૨ સી.ઓ.ટુ. ફાયર એક્ષ્ટીંગ્યુશર ૪.૫ કે.જીની ક્ષમતાવાળા અને ૨૦૦ લીટરનાં પાણી ભરીને અને ઢાકીને રાખેલ બેરલ તથા રેતી ભરેલી બે બાલદી અચુક આ મંડપ પ્રિમાઈસીસમાં ઉપલબ્ઘ કરાવવાનાં રહેશે. |
| ૧૮ | મંડપનાં સંચાલકોને જણાવવામાં આવે છે કે ઉકત સુચના ફકત ફાયર સેફટીનાં સલામતી અર્થે આપવામાં આવેલ છે. ફાયર વિભાગ સિવાયની અન્ય ઓથોરીટી જેવી કે પોલીસ વિભાગ, ટ્રાફીક વિભાગ, મ.ન.પા.નાં અન્ય વિભાગો થકી આપવામાં આવતી સુચનાઓનું પાલન તથા અમલવારી કરી અલગથી લાગત વિભાગની 'ન વાંઘા પ્રમાણપત્ર' મેળવી લેવાની રહેશે. |
| ૧૯ | મંડપનાં સંચાલકો ધ્વારા ગુજરાત ફાયર પ્રિવેન્શન અને લાઈફ સેફટી મેસર્સ એકટ રૂલ અને રેગ્યુલેશન , નેશનલ બીલ્ડીંગ પાર્ટ –૪ , આઈએસ–૮૭૫૮ મુજબની જોગાવઈ ઉપલબ્ઘ કરાવવાનુ સેલ્ફ ડીકલેરેશન અચુક રજુ કરવાનુ રહેશે. |
| ૨૦ | આગ અકસ્માતનાં કેસમાં તાકીદે ફાયર વિભાગનાં ૧૦૧, ૧૦૨ ૦૨૬૧ –૨૪૧૪૧૯૫– ૯૬ તથા ૩૯ નંબર ઉપર સંપર્ક કરવાનો રહેશે. |
| ૨૧ | આ જાહેરાત સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ suratmunicipal.gov.in /information/news ઉપર ઉપલબ્ઘ છે. |
| ૨૨ | ફાયર વિભાગ ઉકત સુચનો માં જરૂરીયાત મુજબ વઘારો / ઘટાડો કરવાનો અબાધિત અધિકાર રાખે છે. |

**સહી/–**

**ચીફ ફાયર ઓફીસર**